ગાંધીનગર સમાચાર

# મૂળ ધીણોજ - મહેસાણાના લંડનમાં પુરુષ - નર્સ તરીકે ફરજ બજાવતા ૩૫ વર્ષીય સંદીપ ઘીવાલા

**જાનના જોખમે, માનવતાના સાનિધ્યે, કરુણાની સાથે કામ કરતા વિશ્વમાનવી ભારતીય યુવકની હૃદયને હચમચાવી નાખે તેવી ગાથા...**

સમગ્ર વિશ્વમાં કોરોનાએ કાળો કેર કર્યો હોય તેમાં યુરોપનો પણ સમાવેશ થાય છે. લંડનની હોસ્પિટલોમાં કોરોના વાયરસ મુખ્ય દરવાજે ટાંપીને બેઠો છે અને દરરોજ સેંકડો શિકાર કરી રહ્યો છે. લંડનવાસીઓએ મોતનો ચહેરો જોઈ લીધો છે. મોતનો ખોફ કોને કહેવાય તેનો અનુભવ વગર યુદ્ધે અહીં દરેકને થઈ રહ્યો છે. મોતે માણસોની દુનિયામાં સન્નાટો ફેલાવી દીધો છે ત્યારે, કાળી વાદળીમાં રૂપેરી કોર જેવી ઘણી એવી બીનાઓ બની રહી છે જેને જોઈને કોરોના વાયરસ કાંપી રહ્યો છે અને માનવતા રાજી થઈ રહી છે.

એવી જ એક ગાથા જાણવા આવો મળીએ સંદીપ ઘીવાલાને.

જેના માટે માણસ માત્રને ગૌરવ થાય તેવો આ ૩૫ વર્ષીય યુવક લંડનની નોર્થવીક પાર્ક હોસ્પિટલમાં ફરજ બજાવે છે.



૨૦૦૬થી લંડનમાં રહેતા સંદીપભાઈ હોસ્પિટલના ઈન્ટેનસીવ કેર યુનિટ (આઈસીયુ)ના હાઈ ડિપેનડેન્સી યુનિટ (એચડીયુ) વિભાગમાં કામ કરી રહ્યા છે. આઈસીયુમાં દરદીઓ અસાધ્ય રોગવાળા અને બેભાન હોય છે, તેની સામે સંદીપભાઈ જ્યાં ફરજ બજાવે છે તે ઈન્ટેનસીવ કેર યુનિટ (આઈસીયુ)માં દરદીઓ વેન્ટિલેટર પર હોય છે અને ભાનમાં હોય છે. કોરોનાના દરદીઓની સ્થિતિ અત્યંત દયાજનક હોય છે કારણ કે કોરોના વાયરસ વ્યક્તિનાં ફેફસાં પર રીતસરનું આક્રમણ કરે છે. કોરોનાગ્રસ્ત વ્યક્તિને શ્વાસ લેવામાં ખૂબ તકલીફ પડે છે. ધમણ ફૂલતી હોય તેમ તેમનાં ફેફસાં ફૂલે છે. એક-એક શ્વાસ માટે વ્યક્તિ તરફડિયાં મારે છે. સમય જતાં ફેફસાંમાં કાણાં પડે છે અને પાણી પણ ભરાઈ જાય છે. અહીં કામ કરવું કપરું અને જોખમી હોય છે.

સંદીપભાઈએ પોતાની સગી આંખે આવા અનેક દરદીઓને જીવન માટે, જિંદગીની એક-એક ક્ષણ માટે ઝઝૂમતા જોયા છે. સંદીપભાઈ કહે છે કે આવા વોર્ડનો જ્યારે અમે સહેજ દરવાજો ખોલીએ ત્યારે અંદરથી આગ આવતી હોય તેવી ગરમ હવા આવે. વેન્ટિલેટર પર દરદીઓ જીવનને બચાવવા ઝઝૂમતા હોય ત્યારે તેમની સારવાર કરવી એ પેરા મેડિકલ સ્ટાફ માટે મોટો પડકાર અને જોખમ હોય છે. સંદીપભાઈ આ હોસ્પિટલમાં કાયમી સ્ટાફ નથી. તેઓ પોતે ધારે તો રજા મૂકી શકે. જોકે રજા મૂકી હોય છે કાયમી સ્ટાફે. બેન્કો તરફથી હોસ્પિટલનોને કોન્ટાક્ટ પર મળતો સ્ટાફ પણ અત્યારે મળતો નથી કારણ કે દરેકને પોતાનો જીવ વહાલો હોય છે. સંદીપભાઈના પરિવારમાં પત્ની અને સાડા ત્રણ વર્ષનો ક્યૂટ દીકરો છે. સંદીપભાઈની જવાબદારી આવી નાજુક સ્થિતિમાં એમને સાચવવાની હોય તે સહજ છે. જોકે સંદીપભાઈ જુદી માટીના છે. તેઓ કહે છે મને મારાં મૂલ્યો રજા મૂકતાં રોકે છે. મેડિકલ ક્ષેત્રની વ્યક્તિ તરીકે મારી ફરજ છે હોસ્પિટલમાં હાજર રહેવાની. હું જ્યારે દરરોજ હોસ્પિટલમાં જાઉં છું ત્યારે બોર્ડર પર યુદ્ધ કરવા જતો હોઉં તેવી લાગણી અનુભવું છું.

લંડનમાં નેશનલ મ્યુઝિયમમાં ફરજ બજાવતા મૂળ અમદાવાદના શરદભાઈ રાવલ કહે છે કે અમને સંદીપભાઈ ગૌરવ છે. તેણે ભારતનું જ નહીં માનવતાનું ગૌરવ વધાર્યું છે. કર્મનિષ્ઠાનું તેમણે શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

●●●

સંદીપભાઈ વીકમાં પાંચ દિવસ નહીં, પણ છ દિવસ હોસ્પિટલમાં જાય છે. કોરોનાનો કેર શરૂ થયો તેના પ્રારંભના દિવસોમાં તો તેમને જે મેડિકલ ડ્રેસ અપાતો હતો તે પૂર્ણ રીતે પ્રૂફ નહોતો. એ પછી જોકે ધીમે ધીમે તમામ જરૂરી પરિધાન અને ઉપકરણો મળ્યાં. આ બધાનો ઉપયોગ કરીને પણ કોરોનાગ્રસ્ત દરદીઓની સારવાર કરવાનું ફિઝિકલી અને મેન્ટલી અત્યંત કપરું હોય છે. પીપીઈ'સ માસ્ક માત્ર એક કલાક પહેરો તો પણ ચહેરા પર તેનાં નિશાન પડી જાય. (તસવીરમાં એ સ્પષ્ટ દેખાય છે.) એ પહેરીને સારવાર કરવામાં કસોટી જ થાય. સંદીપભાઈએ આ બધાની ટેવ પાડી અને તેને સહજ બનાવી દીધું છે.

તેઓ કહે છે, સાધનો કરતાં સાધના વધારે કામ લાગે છે. આ સમય મહત્તમ લોકોને બચાવવાનો છે.

●●●

સંદીપભાઈ પોતાના ઘરના પ્રથમ માળે અત્યારે એકલા રહે છે. તેમનાં જીવનસાથી અને સાડા ત્રણ વર્ષનો જોતાં જ આંખ અને હૃદયમાં વસી જાય તેવો ક્યૂટ દીકરો તેમનાથી સતત દૂર રહે છે. સંદીપભાઈ હોસ્પિટલથી ઘરે પહોંચવા આવે એટલે ફોન કરી દે. ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હોય તેઓ સીધા પ્રથમ માળે પોતાના રૂમમાં જતા રહે. મા અને દીકરો તેમને જમવા આપવા આવે, પણ સંદીપભાઈના રૂમની પાસે મૂકીને તેઓ જતાં રહે. નાનકડો દીકરો ડેડી..ડેડી.. એમ કાલુ-કાલુ બોલતો મમ્મી સાથે પગથિયાં ચડે. (એવો વીડિયો પણ છે.) દીકરા અને મમ્મીએ સંદીપભાઈને સુંદર કાર્ડ લખ્યું છે, પત્ર લખ્યા છે અને તેમના માનમાં તાળીઓ પણ પાડી છે. સંદીપભાઈ પોતાના રૂમમાંથી, ઉપરથી નીચે જુએ.. નીચે તેમનાં જીવનસાથી અને પુત્ર સાયકલ ચલાવે અને રમે.. પિતાને પોતાની ફરજ બજાવવાની છે એટલે તેઓ પત્ની કે પુત્રની સાથે રહી શકતા નથી. જોઈને તેઓ સંતોષ માને. હૃદય તો ભરાવાનું નથી, હૃદયમાં ભરાય એટલું ભરે.

આપણે જ્યારે સંદીપભાઈ સાથે વાત કરીએ છીએ ત્યારે તેમના અવાજમાં રહેલો રણકો, તેમના સ્વરમાં રહેલી પ્રતિબદ્ધતા સ્પર્શી જ જાય. તેઓ કહે છે કે આગ લાગી હોય તો ફાયરબ્રિગેડના કર્મચારીનું કામ ફાયરને ઠારવાનું છે. અત્યારે કોરોના વાયરસની આગ લાગેલી છે અને મેડિકલની ટીમ આખા વિશ્વમાં તેને ઠારવા મથી રહી છે.

સંદીપભાઈનું મૂળ વતન મહેસાણા પાસેનું ધીણોજ. અત્યારે તેમનાં માતા-પિતા અને ભાઈ અમદાવાદના રન્ના પાર્ક વિસ્તારમાં રહે છે. તેમનાં માતા-પિતા અને ભાઈ પણ સંદીપભાઈની કાર્યનિષ્ઠા માટે ગૌરવ અનુભવે છે.

એનઆરઆઈ સંદીપભાઈ ઘીવાલાના હૃદયમાં રહેલી માનવતા, સંવેદનશીલતા અને તેમની કાર્યનિષ્ઠા માટે હરેક ગુજરાતી અને ભારતીયને માન થાય. તેમણે ભારતના સંસ્કારને દીપાવ્યા છે. તેમને શત્ શત્ વંદન. ભગવાન ખૂબ ઝડપથી તેમને આ સ્થિતિમાંથી બહાર કાઢે, તેઓ પોતાનાં જીવનસાથી અને પુત્ર સાથે ઝડપથી સમય પસાર કરી શકે.

**આલેખન : રમેશ તન્ના**

## 'કોરોનાથી તમે ડરો ના...' ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજાઈ

# અનોખી ઓનલાઈન કાવ્ય મહેફિલ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સાહિત્ય સભા દર મહિનાના બીજા રવિવારે તેમની નિયમિત માસિક બેઠક આયોજિત કરે છે. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા કોરોના મહામારીના સમયમાં અનોખી ઓનલાઈન મહેફિલ યોજવામાં આવી.

ગાંધીનગર સાહિત્ય સભાના નવનિયુક્ત અધ્યક્ષ સંજય થોરાત દ્વારા આ નૂતન અભિગમ અપનાવી સૌ સભ્યોને પોતાની રચના રેકોર્ડ કરી મોકલવા કહેવામાં આવ્યું હતું. સૌ કોઈએ આ નિર્ણયને આવકારી પોતાની રચના રેકોર્ડ કરી પાઠવી હતી.

રવિવારે સાંજે એનાં નિયત સમયે યોજાયેલી આ ઓનલાઈન મહેફિલમાં કવિ કિશોર જીકાદરા, કવિ પ્રતાપસિંહ ડાભી, બાબુભાઈ નાયક, ભીખુ કવિ, નિરંજન શાહ, અનંત પટેલ, અલ્કેશ પંડયા, કાન્તીલાલ શર્મા, અજય રાવલ, રણછોડભાઈ પરમાર, કિરીટ ત્રિવેદી, મૂળજીભાઈ પરમાર, માયાબહેન ચૌહાણ, કોમલ તલાટી અને સંજય થોરાતની કોરોના વિશેની વિવિધ રચનાઓ પ્રસ્તુત થઈ હતી.

આ મહેફિલમાં નડિયાદ ખાતે રહેતા ડો. હાર્દિક નિકુંજ યાજ્ઞિક અને અમદાવાદના પાર્મી દેસાઈને ખાસ આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. તેમણે મસ્ત રચનાથી દાદ મેળવી હતી. આ રચનાઓને પંકજભાઈ ગાંધી, દિશા પોપટ, નટવર હેડાઉ, નિપૂણ ચોક્સી વગેરે ભાવકોએ ઓનલાઈન દાદ આપી સર્જકોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ સર્વે સર્જકોની જુદી-જુદી રચનાઓ ગાંધીનગર સાહિત્યસભાની અધિકૃત યુટ્યુબ ચેનલ ઉપર પણ મુકવામાં આવશે તેવી જાહેરાત સંજયભાઈ થોરાત દ્વારા કરવામાં આવી અને આ જવાબદારી સંસ્થાના કારોબારી સભ્ય અજય રાવલને સોંપવામાં આવી હતી. કોરોના મહામારીના આ વિકટ પરિસ્થિતિમાં ગાંધીનગર સાહિત્યસભાનો આ નૂતન પ્રયોગ પ્રશંસનીય બન્યો હતો.




## જામનગરના વિદ્યાર્થીનું અનોખું યોગદાન

# નરેન્દ્રભાઈ મોદીનું ચિત્ર વેચીને વડાપ્રધાન રાહતનિધિ ફંડમાં તમામ રકમ અર્પણ કરશે

સમગ્ર દેશ આજે કોરોનાની લપેટમાં સપડાઈ રહ્યો છે. ત્યારે દેશભરમાં અનેકવિધ આ સેવાયજ્ઞ ચાલી રહ્યા છે. જેમાં નાની





મોટી સેવાભાવી સંસ્થાઓ તેમજ નાના-મોટા દાતાઓ પોતપોતાની રીતે આર્થિક સહયોગ રૂપે આહુતિ આપી રહ્યા છે.

ત્યારે મૂળ જામનગરનાં અને હાલ વડોદરા ખાતે અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીએ પણ પોતાની રીતે વડાપ્રધાન રાહત ફંડમાં બનતું યોગદાન આપવા સુંદર વિચાર કર્યો છે.

મૂળ જામનગરનાં અને હાલ વડોદરા ખાતે નિરમા યુનિવર્સિટીમાં ઈલેક્ટ્રિકલ ફેકલ્ટીમાં એમટેક કરતા ભાવિક જગદીશભાઈ પરમાર નામના તેજસ્વી વિદ્યાર્થી અભ્યાસની સાથે સાથે પહેલેથી જ પેઈન્ટિંગનો પણ ભારે શોખ ધરાવે છે. અત્યાર સુધીમાં તેમણે અનેક ચિત્રો દોર્યા છે. તે પોતાના કલાના કામણ કેનવાસ પેઈન્ટિંગ પર પાથરી રહ્યો છે. ગત ૨૦૧૬ ના વર્ષમાં તેમણે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હુબહુ કેનવાસ પેઈન્ટિંગ બનાવ્યું હતું. આ ચિત્રને તે હાલ સમગ્ર દેશની જનતા સમક્ષ મૂકી રહ્યો છે. ભાવિકે કહ્યું કે આ ચિત્ર તે વેચવા માંગે છે અને તેનાથી મળનારી તમામ રકમ કોરોના વાયરસને નાથવા માટે કેન્દ્ર સરકારે ખોલેલા વડાપ્રધાન રાહત ફંડમાં આપવા માગે છે.

ત્યારે દેશ અને રાજયભરની જનતાએ આ યુવાન છાત્રના દેશ પ્રત્યેના લગાવને આગળ ધપાવવા તેમજ પ્રોત્સાહન આપવા માટે પેન્ટિંગના ખરીદવાનો પ્રયાસ કરવામાં આવે કેવી આશા ભાવિક પરમાર વ્યક્ત કરી રહ્યો છે. તેમણે ટેલીફોનિક સંપર્ક દરમિયાન પત્રકાર કશ્યપ જોશીને જણાવ્યું હતું કે આજે દેશમાં કોરોના વાયરસ ના લીધે સરકારે ક્ક્ષ્ઠાર્ક્કુહ અમે બનાવ્યું છે. ત્યારે ગરીબ તેમજ મધ્યમ વર્ગ પોતપોતાનું ગુજરાન ચલાવવા ભારે હાડમારી ભોગવી રહ્યો છે. આવા સમયે રાજ્ય અને કેન્દ્ર સરકારે રાહત નિધિ ફંડ શરૂ કરીને દેશના દાતાઓને આર્થિક સહયોગ આપવા અપીલ કરી હોવાથી આ વાતમાં ભાવિક પોતે પણ પોતાનું યોગદાન આપવા ઈચ્છે છે. તેમણે આ રીતે પોતાનું નરેન્દ્ર મોદીનું દોરેલુ કેનવાસ પેન્ટિંગ પ્રજા સમક્ષ મુકીને તેની આવક વડાપ્રધાનના રાહતનિધિ ફંડમાં



આપવાનો નિર્ણય કર્યો છે. ભાવિકના આવા વિચારને જાણી ગયેલા લોકોમાં ભાવિકની સરાહના થઈ રહી છે. આ માટે વિશેષ જાણકારી માટે લોકો તેમનો મોબાઈલ નંબર ૭૮૭૮ ૯૮૯૩૯૯ પર સંપર્ક સાધવા અનુરોધ કર્યો છે.

## દલિત સેના ગાંધીનગર દ્વારા

# ડૉ બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે જાહેર કાર્યક્રમ મોકૂફ રખાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના મુખ્યમથક ગાંધીનગર ખાતે દલિત સેના દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર ની જન્મ જયંતી ની ઉજવણી દર વર્ષે ભવ્ય રીતે કરવામાં આવતી હતી, ઘ ૪ થી રેલી યોજી મોટી સંખ્યામાં દલિત સેના પ્રમુખ શ્રી બાબુ ભાઈ મેસર વાલા અને મહામંત્રી ડૉ ગુલાબચંદ પટેલ સામાજિક કાર્યકર, મંત્રી દિનકર ભાઈ પરમાર, તેમજ દલિત સેના ના અન્ય હોદ્દેદારો અને સભ્યો સાથે ઢોલ નગારા




સાથે, ડૉ આંબેડકર ના બેનર સાથે દલિત સેના ગાંધીનગરના નેજા હેઠળ કાઢી બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવતી હતી પરંતુ આ વખતે કોરોના વાયરસના કારણે સમગ્ર દેશ મા અને ગુજરાત માં પણ લોક ડાઉન ને કારણે કાર્ય ક્રમ યોજી શકાય તેમ નથી તો ડૉ બાબા સાહેબ આંબેડકરના ફોટાને પુષ્પ માલા અર્પણ કરી દિપ પ્રગટાવી સૌ એ પોતપોતાના ઘરે જન્મ જયંતિ ઉજવણી કરવા વિનંતી છે.

આ વર્ષે જન્મ જયંતિ ઉજવણીનો જાહેર કાર્યક્રમ મોકુફ રાખવાની ફરજ પડી છે. આપણે સંવિધાન અન્વયે સરકાર દ્વારા જાહેર કરાયેલા નિયમો પ્રમાણે ચાલવું પડે, જેની સૌ દલિત સેનાના કાર્યકરો અને નગર જનો નોંધ લેશો. કાર્યક્રમ મોકૂફ રાખેલ છે જેની નોંધ લેવા ખાસ નમ્ર વિનંતી અને બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી સાથે સાથે કોરોના વાયરસમાંથી બચવા માટે અને બીજાઓને પણ સલામત રાખવા માટે ઘેર રહો, સુરક્ષિત રહો, સારા પુસ્તકોનું વાંચન કરો, આપણે બધા જેમ બને તેમ જલ્દીથી મુક્ત થઈ જઈએ તેવી પ્રભુ પાસે અભ્યર્થના સાથે જય ભીમ, જય સંવિધાન, જય ભારત, ભારત માતા કી જય, વંદે માતરમ્ સાથે બાબુભાઈ મેસર વાલા, પ્રમુખ દલિત સેના ગાંધી નગર અને ડૉ ગુલાબચંદ પટેલ મહા મંત્રી દલિત સેના, સેક્રેટરી, ભારતીય દલિત સાહિત્ય અકાદમી દિલ્હી, ગુજરાત પ્રદેશ, સામાજિક કાર્યકર દ્વારા જણાવાયું છે.

## ડાયરેક્ટ ❤ સે

**સાચા-ખોટાની પરિભાષા સમય અને સંજોગ સાથે બદલાતી રહે છે....**

## જન્મદિને વધામણી



શકુંતલાબેન એમ. નાયક
ફોન. ૨૩૨-૫૧૧૫૩



રમીલા ઠક્કર
લાયોનેસ ક્લબ



એચ એન સોની
મહામંત્રી, શહેર પેન્શનર્સ સમાજ



હરિશ એમ ગરૂબસાણી
મો. ૯૯૭૪૩ ૫૩૮૦૨



એ.સી. રાવલ
મો. ૯૪૦૯૬ ૧૬૮૮૦

## કોવિડ-૧૯ સામે લડવા માટે NCC યોગદાન કવાયત અંતર્ગત

# એનએસએસના સ્વયંસેવકોએ તેમની સેવા આપવાનું સતત ચાલુ રાખ્યું














ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના NCC ડાયરેક્ટોરેટ દ્વારા કોવિડ-૧૯ સામેની લડાઈમાં નાગરિક વહીવટીતંત્રને પોતાના સ્વયંસેવક કેડેટ્સની મદદથી સહકાર આપવા માટે સતત પ્રયાસો ચાલી રહ્યા છે. શનિવારે, કુલ ૧૯૨ સ્વયંસેવક કેડેટ્સ, ૩૦ કાયમી ઈન્સ્ટ્રક્ટર અને ૧૮ ANOને જામનગર શહેર, પૂર્વ કચ્છ અને નડિયાદમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમને મુખ્યત્વે ટ્રાફિક સંચાલન, કતાર વ્યવસ્થાપન અને ખાદ્યાચીજોના વિતરણની કામગીરીમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. વધુમાં, કેડેટ્સે કોવિડ-૧૯થી બચવા માટે કેવી સાવચેતી રાખવી તે અંગે લોકોને સમજાવવામાંની પ્રવૃત્તિમાં સક્રીયપણે ભાગ લીધો હતો.

રાજકોટ ગ્રૂપ હેઠળ, ૧૧૩ કેડેટ્સ, ૯ ANO, ૭ કાયમી ઈન્સ્ટ્રક્ટર અને ૧ ઓફિસર ચાર સ્થળો એટલે કે, રાજકોટ, ગોંડલ, જદસણ અને પડધરીમાં ઓરિએન્ટેશન તાલીમમાં જોડાયા હતા. આ કેડેટ્સને ટુંક સમયમાં રાજકોટ ગ્રૂપ હેઠળ અલગ અલગ જગ્યાએ નિયુક્ત કરવામાં આવશે. ૨૩ કેડેટ્સ, ૧૨ ANO અને ૧૪ કાયમી ઈન્સ્ટ્રક્ટરને ભૂજ ખાતે તાલીમ માટે મોકલવામાં આવ્યા હતા તેમની નિયુક્તિ પશ્ચિમ કચ્છ વિસ્તારમાં કરવામાં આવશે. વલ્લભ વિદ્યાનગર ખાતે કેટલાક કેડેટ્સનું તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ કેડેટ્સને આણંદ અને વલ્લભ વિદ્યાનગર ખાતે નાગરિક વહીવટીતંત્રના સહકારમાં નિયુક્ત કરવામાં આવશે.

ગુજરાત, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવના દ્ગઝ્રઝ્ર ડાયરેક્ટોરેટના ADG એ સ્વયંસેવક કેડેટ્સ, ANO , કાયમી ઈન્સ્ટ્રક્ટર સ્ટાફ અને કમાન્ડિંગ ઓફિસરો દ્વારા નાગરિક વહીવટીતંત્રને મદદરૂપ થવા માટે કરવામાં આવતા પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે એવું પણ કહ્યું હતું કે, NCC યોગદાન કવાયત માટે ડાયરેક્ટોરેટને જરૂરી સહકાર આપવા માટે દિલ્હી ખાતે DG NCC પણ સંપૂર્ણપણે સામેલ છે.